સતી સીતા.

'[illegible]' ઉપરથી.

લખનાર.

સૌભાગ્યવતી બાઇ નંદવિદા ગવરી.

છપાવી પ્રગટ કરનાર

એક ગૃહસ્થ.

મુંબઈ.

ધી "પારસી પ્રિંટિંગ" પ્રેસમાં છાપી છે.

સંવત ૧૯૪૩.

કીમત ૨ આના

આવી તક [illegible] નાં ના !

હરીરામ ભ… કૃત

બભ્રુવાહન આખ્યાન.

પદ્યમાં

મહાભારતમાં આવેલી કથા ઉપરથી સુરતના [illegible] શાસ્ત્રી હરીરામ ભટ્ટે આ આખ્યાન પદ્યમાં રચ્યું છે. અર્જુનના આ પુત્રે પોતાના પિતાની સાથે યુદ્ધ કર્યું હતું તેનું સવિસ્તર બયાન એની અંદર સમાવેલું છે. વીરરસ કેવો થાય છે તે આ વાંચવાથી સમજાશે.

અગાઉથી ગ્રાહક થનારની પાસેથી દરેક નકલના આઠ આના લેવામાં આવશે, પાછળથી બારઆના પડશે, અગાઉથી ગ્રાહક થનારને દરેક નકલ દીઠ અર્જુન અને બભ્રુવાહનના યુદ્ધનું ચિત્ર આપવામાં આવશે. બાહાર ગામવાળાને પોસ્ટનો એક આનો વધારે પડશે. અગાઉથી પૈસા મોકલનારને બેવડો લાભ મળશે એટલેકે ઉપલા ચિત્ર ઉપરાંત એકબીજું ચિત્ર પણ આપવામાં આવશે. આ ચિત્ર પાછળથી નહીં મળીશકે.

ગ્રાહક થનારે પોતાના નામ નીચે લખેલ ઠેકાણે નોંધાવવા તસ્દી લેવી.

ઠેકાણું—મુંબઈ પાલવ રસ્તા નાનાશંકર શેઠની ગલી ઘર નંબર ૨૫.

એચ. એલ. ભાઈ હરીઆ.

સોંઘું અને સારૂં વાંચન ફેલાવનારી મંડલીના સેક્રેટરી.

સતી સીતા.

બંગદેશ એટલે બંગાલ ઇલાકામાં બહાર નામે પ્રાંત ઘણો રમણીય, વસ્તીવાળો અને ફલદ્રુપ છે. તેનો ઉત્તરભાગ જેને હાલ તીરહુટ કહે છે તે અસલ મિથિલા નામથી ઓળખાતો હતો. તેનો વિસ્તાર નેપાળની છેક ઉત્તરસીમા સુધી પસરેલો હતો. તેમાં હાલ જનકપુર કરીને ગામ છે તે રાજનગર હતું. ત્યાં ઘણા અસલના વારામાં ઘણોજ ધર્મશીલ જનક નામે રાજા રાજ્ય કરતો હતો. તેને કાંઇ સંતાન નહોતું. માટે ઇશ્વર ઉપર પૂર્ણ પ્રેમ રાખીને નિરંતર દાનધર્મ કર્યા કરતો હતો. એકવાર એક પદમાક્ષ નામના વિદ્વાન બ્રાહ્મણને રાજાએ કેટલીક જમીન દાનમાં આપી. તે જમીન વર્ષાઋતુમાં ખેડતાં હળની અણીવડે એક પેટી ઉપર આવી. તે જોઇ પેલા વિદ્વાન બ્રાહ્મણે વિચાર્યું કે મને રાજાએ ભૂમિનું દાન આપ્યું છે. માટે એ પેટીપર મારો હક નથી. તેથી પેટી લઇને રાજાને આપવા ગયો. તે પેટી રાજાએ સભા વચ્ચે ઉઘાડીને જોયું તો તેમાં એક અતિ સુંદર રૂપવતી કન્યા નજરે પડી તે જોઇને રાજાને ઘણો હર્ષ થયો અને ઘણો સંતોષ પામી પેલા બ્રાહ્મણને તે કન્યા બરાબર સોનું આપ્યું. એતો તેની કીમત થઇ, તે ઉપરાંત હાથી, ઘોડા, રથ, વસ્ત્રાભુષણ અને કેટલીક જમીન દાનમાં આપી વિદાય કર્યો. પછી તે કન્યાનું નામ પાડવા રાજના પુરોહિત શતાનંદને વિનંતિ કરવા ઉપરથી તેણે તે સીતા (હળપૂણી) થી જડી માટે તેનું નામ સીતા પાડયું અને જનકની અનસૂયા નામે પટરાણી હતી તેને સોંપી. ત્યાં અંતઃપુરમાં કન્યા દહાડે દહાડે મોટી થઇ. એવામાં એમ બન્યું કે સીતા આસરે સાતેક

વર્ષની હતી ત્યારે જમદગ્નિઋષીના પુત્ર પરશુરામ—જેણે એક વીસવાર પૃથ્વી નક્ષત્રી કીધી હતી તે—કામથી કંટાળીને મિથિલાપુરીમાં આવ્યા. તેમને જોઇ જનક રાજા આસન ઉપરથી ઉઠી સામા તેડવા ગયા અને સાષ્ટાંગ નમસ્કાર કરીને દરબારમાં તેડી જઇ સિંહાસન ઉપર બેસાડી આદરભાવથી પૂજન કર્યું. પછી જ્યારે જમવાનો સમય થયો ત્યારે પોતાની ફરસી, બાથા, અને મોટું ધનુષ્ ચોક વચ્ચે મુકીને તેઓ જમવા ગયા. એવામાં સીતા રમતાં રમતાં આવી પેલું પરશુરામનું મુકેલું ધનુષ્ લઇને તેનો ઘોડો કરીને ફેરવવા લાગી. પછી જમી ઉઠીને રાજા અને તેનો પરોણો પરશુરામ બહાર આવી જુએ છે તો તે ધનુષ્ દીઠું નહિ. પણ કેટલેક દૂર સીતાને ઘોડો કરીને ફેરવતાં જોઇ. પરશુરામ આશ્ચર્ય પામીને જનકને કહેવા લાગ્યા, કે આ તો કોઇ અદ્ભુત કન્યા છે. આ ધનુષ્ મહાદેવે આપેલું છે. તે એવું તો ભારે છે કે કોઇથી ઉંચકાતું નથી.૧ તે તારી છોકરીએ સહજમાં ઉંચક્યું માટે એને સારૂ વર પણ એના જેવોજ બળીઓ શોધવો જોઇએ. માટે એક પ્રતિજ્ઞા કરો કે એ કામઠું જે ચઢાવી શકે એવો પુરૂષ સ્વયંવર મંડપમાંથી મળી આવે તેને એનું કન્યાદાન આપવું. એમ કહી તે બદ્રીકાશ્રમમાં તપ કરવા ગયા. આ પરશુરામની શીખામણ આપણા દેશને ઘણી કીમતી છે. કેમકે હાલમાં જોડ કજોડ કંઇ પણ ન વિચારતાં ઘણાં માબાપો પોતાનાં છોકરા છોકરીને વરાવીને તેમને આખા ભવના દુઃખમાં નાંખે છે એ ઘણું ખેદકારક છે.

એ શીખામણને અનુસરીને જ્યારે સીતા પરણવા જોગ થઇ ત્યારે જનક રાજાએ લગ્નસમારંભ જોડે સ્વયંવર

---

૧ ઇંગ્લાંડના રાજા વિલિયમ ધી કોંકરરનું ધનુષ્ આખા ઇંગ્લાંડમાં કોઇથી તણાતું નહોતું.

ઠરાવીને દેશદેશના રાજાઓને આમંત્રણ કરીને તેમની આગતાસ્વાગતાસાર સામગ્રી કરવા માંડી.

આણીમેર રઘુકુળના દશરથ રાજાને પણ કંઇ સંતાન ન હોતું તેથી પુત્રોત્પત્તિને માટે કેટલાએક યજ્ઞ કરતાં તેની ત્રણ રાણીઓથી ચાર પુત્ર ઉત્પન્ન થયા. તેમનાં નામ: રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન. એ ચારે પુત્રો મહા ગુણવાન અને પરાક્રમી હોવાનાં ચિન્હો જણાયા. રાજ્યગુરૂ વશિષ્ઠે તેમના નામ પાડયાં અને બાલ્યાવસ્થાથીજ અનેક પ્રકારની વિદ્યાકળા શીખવવા માંડી. એ ચારે ભાઇઓમાં પરસ્પર પ્રીતિ અને જ્ઞાનની વૃદ્ધિ જોઇ રાજા દશરથને ઘણો આનંદ થવા લાગ્યો.

એક સમયે રાજા પોતાના ઉપાધ્યા અને બાંધવો સહિત રામચંદ્રાદિનાં લગ્નનો વિચાર કરતા હતા, એટલામાં મહામુની વિશ્વામિત્ર ત્યાં આવી ચઢયા. જેમ ઇંદ્ર બૃહસ્પતિને મળવા ઉઠે તેમ દશરથ રાજા ઉઠીને સામા ગયા. અન્યોઅન્ય ક્ષેમકુશળ પુછ્યું. પછી રાજાએ બહુ પ્રસન્ન મનથી કહ્યું. “અમૃતની પ્રાપ્તિથી અને યોગ્ય સ્ત્રીથી પુત્રની પ્રાપ્તિથી જે આનંદ થયો હતો, તેવોજ આજ આપના પધારવાથી મને હર્ષ થયો છે. આપણી આજ્ઞા હું ઘણા આનંદથી પાળવા તૈયાર છું માટે જે કંઇ કામ હોય તે કરવાની આજ્ઞા કરો. આપના દર્શનથી મારો જન્મ સફળ થયો.” આ મધુર નમ્ર વાક્ય સાંભળીને વિશ્વામિત્ર બહુ પ્રસન્ન થયા અને બોલ્યા કે, “હું યજ્ઞ કરૂં છું તેમાં મારીચ અને સુબાહુ નામના રાક્ષસો આવી ભંગ પડાવે છે માટે સત્ય પરાક્રમી મહા તેજસ્વી અને શૂરવીર તમારા જયેષ્ઠપુત્ર રામચંદ્રજી મને આપો; એમના વિનાએ રાક્ષસોને મારવાને કોઇ સમર્થ નથી. વળી એ કામ કર્યાથી ત્રિલોકમાં પ્રખ્યાતી વ્યાપી રહેશે. રામ પ–

રાક્ષસી છે એ વાત હું, વશિષ્ટ તથા બીજા તાપસ લોકો જાણીએ છીએ." આવા હૃદયભેદક ઋષિવચન સાંભળીને દશરથ રાજા કંપીને મૂર્છા પામ્યો. અને કેટલીક વારે સચેત થઇ શોકાતુર વદને બોલ્યો, "બાર વર્ષનો મારો કોમળ સુકુમાર બાળક રાક્ષસ સામે યુદ્ધ કરવા લાયક નથી. માટે અક્ષૌહિણી સેના લઇને હું તમારી સાથે આવું છું અને મારા આયુષ્યની છેલ્લી ઘડી સુધી રાક્ષસો જોડે લઇશ. મારો છોકરો લડાઇના કામમાં કુશળ નથી. તેથી રાક્ષસો સહજ તેના પ્રાણને હાની કરશે અને રામના વિયોગ પછી એક પળ પણ મારો પ્રાણ રહેશે નહિ. બહુ સંકટે અને બહુ વર્ષે મને પુત્રની પ્રાપ્તિ થઇછે. વળી ચારે પુત્રમાં રામ એના સુલક્ષણને લીધે મને પરમપ્રિય છે. એમ કરતાં આપને રામને લઇ જવો હોય તો મને પણ લશ્કર સાથે આવવા દો. અને એ રાક્ષસ કોણ છે તેની હકીકત કહો." ત્યારે વિશ્વામિત્ર બોલ્યો કે, પૌલસ્ત્યવંશમા રાવણ નામે મોટો બળવાન્ રાક્ષસ છે. તે બ્રહ્માના વરદાનના બળથી સર્વને પીડા કરે છે. તેના મારીચ અને સુબાહુ યજ્ઞમાં વિઘ્ન કરેછે" એ સાંભળીને રાજા બોલ્યો કે "એ દુરાત્મા રાક્ષસોની સામા લડાઇમાં ઊભા રહેવાને હું પણ અશક્ત છું તો મારા સકોમળ બાળકનું તે શું ગજું ? મને અલ્પભાગીને માફ કરો. કાળની ઊપમાને યોગ્ય એવા રાક્ષસો સાથે યુદ્ધ કરવાને મારા છોકરાને હું આપી શકતો નથી." આ વાક્યો સાંભળતાં વિશ્વામિત્રને જેમ અગ્નિકુંડમાં ઘી હોમવાથી ભડકો થાય તેમ ક્રોધ પ્રદીપ્ત થયો અને બોલ્યા કે, પ્રથમ પ્રતિજ્ઞા આપી હવે તેનો ભંગ કરવો એ રઘુકુળને ઘટારત નથી. તમને એમાંજ કલ્યાણ લાગતું હોય તો હું આવ્યો છું તેવો પાછો જઇશ. મિથ્યાપ્રતિજ્ઞ ! તમે સુખી થાઓ." આ વિશ્વામિત્રના કોપવચનથી

પૃથ્વી કંપવા માંડી તે જોઇ. રાજગુરૂ વશિષ્ઠ મુનીએ રાજાને કહ્યું કે "સાક્ષાત્ ધર્મરૂપ ઇક્ષ્વાકુકુળમાં જન્મનારને પ્રતિજ્ઞા તોડવી યોગ્ય નથી માટે રામ તેમને સ્વાધીન કરો. કેમકે જેમ અગ્નિથી રક્ષાયલા અમૃત ઉપર કોઇનું કંઇ ચાલતું નથી તેમ મહાવીર વિશ્વામિત્રથી રક્ષાયલા રામ પ્રત્યે કોઇનું કાંઇ ચાલનાર નથી. વળી વિશ્વામિત્ર શસ્ત્રઅસ્ત્ર વિદ્યામાં ઘણા કુશળ છે. અને તમારા પુત્રના હિતને અર્થેજ તે તેમને લઇ જવા કહેછે માટે રામને આપો." આ શીખામણ રાજાના મનમાં ઉતરી તેથી રામ લક્ષ્મણને બોલાવી રાજાએ ઋષિનેસ્વાધીન કર્યા. તેમને તેડીને ઋષિ સરીયુ નદીને દક્ષિણ તીરે ગયા અને ત્યાં સ્નાન કરાવીને બળા અને અતિબળા નામે વિદ્યા શીખવી કે જે વિદ્યાથી તેમને પ્રવાસનો શ્રમ કે સંકટ નડે નહિ. એવી રીતે રામલક્ષ્મણ અને વિશ્વામિત્ર યજ્ઞભૂમિમાં આવી પહોંચ્યા. અહીંઆ સદાચરણથી ઋષિઓની પ્રસન્નતા સંપાદન કરીને મેળવેલી અસ્ત્ર શસ્ત્ર વિદ્યાવડે યજ્ઞમાં હરકત કરનાર અને મુસાફરોને પીડા કરનારી તાટીકા રાક્ષસી તથા મારીચ, સુબાહુ ઇત્યાદિ અસુરોના સંહાર કરી નિર્વિઘ્ને યજ્ઞનું કામ આટોપે છે. એટલામાં જનક રાજાને ત્યાંથી યજ્ઞ અને સ્વયંવરની કંકોતરી આવી તેથી રામ લક્ષ્મણ તથા શિષ્યોસહિત વિશ્વામિત્ર તેણી મેર ગયા.

મિથિલાપુરીના દરવાજા બહાર એક સુંદર સરોવરને તીરે એક રમણ્ય વાડીમાં ઋષિજીએ પોતાનો મુકામ રાખ્યો અને શિષ્યો તથા રાજકુમારો આજુબાજુ ફરવા લાગ્યા. એટલામાં અંબાભવાનીની પુજા કરવા સારૂ સીતા પોતાની સખીઓ ને દાસીઓ સહવર્તમાન ત્યાં થઇ જતાં, રાજકુમારોની સુંદર કાન્તી જોઇને તેના મોહમાં પડી. અને મનમાં કહેવા લાગી કે મારા પિતાએ જે પ્રતિજ્ઞા કરીછે તે પુરી પાડવાનું એનામાં સામર્થ્ય હોય તો ઘણું સારું.

આ તરફ વિશ્વામિત્રના આવ્યાની ખબર જનક રાજાને થઇ ત્યારે પુરોહિત શતાનંદ વગેરેને સાથે તેડીને રાજા વિશ્વામિત્રને મળવા ગયા. ત્યાં વિવેકથી પૂજન કરીને ખબર અંતર પુછ્યા પછી કહ્યું કે, " આજ મારી યજ્ઞસમૃદ્ધિ સફળ થઇ આપના અનુગ્રહથી આજ હું કૃતાર્થ થયો. મને ધન્ય છે. " બાર દિવસ સુધી યજ્ઞનું કામ ચાલશે ઇત્યાદિ સૂચવીને પુછ્યું કે " હે મહામુની ! આ બે કુમાર કોણ છે ? તેનો વિશ્વામિત્રે ઉત્તર આપ્યો કે જેમણે સિદ્ધાશ્રમમાં રાક્ષસો મારીને અમારો યજ્ઞ નિર્વિઘ્ને સમાપ્ત કરાવ્યો તથા સલ્યાની પાછી અહલ્યા કરીને ગૌતમને મેળવી તે આ દશરથના પુત્રો છે. અને તે મહાધનુષ્ જોવાની જીજ્ઞાસાથી અત્રે આવ્યા છે. બીજે દિવસે ઠરાવ્યા પ્રમાણે મંડપમાં એક બાજુએ મોટા ખંડમાં તમામ સોનારૂપાનાં રત્નજડિત આસનો ઉપર મોટા મહારાજાઓ બીરાજી રહેલા છે. એક બાજુએ તમામ ઋષિમંડળ શ્વેતવસ્ત્ર ને ભસ્મ ધારણ કરીને વેદનાં પુસ્તક સહિત બેઠું છે. અને એક બાજુએ કન્યા સીતા પોતાના સગાં સહોદર સહવર્તમાન બેઠાં છે અને વચ્ચોવચ મહાપ્રચંડ ધનુષ્ પડેલું છે. એવી રીતે સભા ભરાઇને ચીકાર થઇ રહ્યા પછી ઠરાવેલા વખતે જનક રાજાનો ભાટ ઉઠીને ઉભો થયો. અને બોલ્યો હે નરેંદ્રો ! જનક રાજાએ પ્રતિજ્ઞા કરી છે કે જે આ કામઠું ચઢાવી શકે તેને મારી કન્યા પરણાવવી. માટે મહાશૂરવીર અને પરાક્રમીઓ ઉઠો. અને ધનુષ્ ચઢાવીને રૂપવંતી કન્યા વરો." એવાં વચન સાંભળીને ઘણા ખરાઓનાં ગાત્ર શિથિલ થયાં. અને બીજાં બીજાં બહાનાં કહાડવાં લાગ્યા. કોઇ કહે હું સ્વયંવર જોવા આવ્યો છું; કોઇ કહે અમારે ને જનકને સગાઇ થાય માટે આવ્યા વગર ચાલે નહિ; એવી રીતે માંહોમાંહે વાતો થઇ રહી છે. એટલામાં ત્યાં

રાવણ આવી પહોંચ્યો અને બોલ્યો, હે જનક! તેં શી પ્રતીજ્ઞા કરી છે? ત્યારે જનકે પોતાનું પણ કહ્યું કે, આ કામઠું જે ચઢાવે તેને મારી કન્યા પરણાવવી એવો મેં સંકલ્પ કર્યો છે. જો તે કોઇનાથી નહિ થાય તો મારી છોકરીને આખો ભવ કુંવારી રાખવી પડશે. એ સાંભળી રાવણ બોલ્યો, એમાં તે શું? લે આ ચઢાવ્યું. એમ કહીને જેવો એક હાથે કામઠું અને બીજે હાથે પણછ તાણવા જાય છે તેવોજ અ મળાઇ પડયો. અને ધનુષ્ તેના ઊપર પડયું. તે જોઇ સર્વે આશ્ચર્ય પામ્યા અને જનક ઘણો ખીન્ન થયો. એવામાં વિશ્વામિત્રની પાસે બેઠેલા રામે ઉઠી તે ધનુષ થોડે શ્રમે સેહેલથી એવું તાણ્યું કે તેના મોટા અવાજ સાથે કટકે કટકા થઇ ગયા. એથી સર્વે સભાજનોએ આનંદથી ગર્જના કરી મુકી. અને જનકનું એથી સવા મણ લોહી ચઢયું. વળી આણીમેર સીતાએ ધારેલા વરથી એ કામ બન્યું માટે તેણીની ખુશીનો તો પારજ ન રહ્યો. એવી રીતે જનક પુરમાં આનંદ આનંદ વરતી રહ્યો ને રામના પિતા દશરથને વધામણી ખાવા સારૂ દૂતો વદાએ થયા. તેની ખબરથી આખા અયોધ્યામાં આનંદ વ્યાપી રહ્યો. અને જાન તૈયાર થઇ મિથિલામાં આવી અને દશરથનો જનકે ઘણા ભાવથી સત્કાર કર્યો. જાની વાસો આપ્યો. અને આનંદમાં ત્રણ દિવસ નિર્ગમન કર્યા.

લગનને દિવસે વરઘોડો લઇને દશરથરાજા માંડવે ગયા. ત્યાં વરરાજા અને ઋષિમુનીઓને બેસાડીને જનકરાજા હાથ જોડી વશિષ્ઠને કહેવા લાગ્યા કે, લોકપ્રિય રામની વૈવાહિક ક્રિયા કરાવો. એ સાંભળી વિશ્વામિત્ર તથા શતાનંદને આગાડી કરીને વશિષ્ઠે મંડપમાં વિધિપ્રમાણે વેદી કરી અને ફુલ, આબાંના પાતરા, ઘડા, ધુપદાની, સરવા, ડાંગર અને

કંકુએ પીળેલા ચોખાથી ચોરીને શોભાયમાન કરી. પછી મંત્ર પૂર્વક દર્ભ પાથરીને અગ્નિનું સ્થાપન કરી, વશિષ્ઠ ઋષિએ હોમ કરવા માંડયો. એ અગ્નિ સમક્ષ રામની સામે સોળે શણગાર સજાવેલી સીતાને બેસાડીને કૌશલ્યાના પુત્ર રામને જનક કહે છે.

"આ મારી દીકરી સીતા તમારી ધર્મચરી છે. માટે હે ભગવાન્ તેનો તમે હાથ ઝાલો એ પતિવ્રતા સૌભાગ્યવતી તમારી છાયા પ્રમાણે તમને અનુસરીને ચાલશે." એમ બોલી રામચંદ્રના હાથમાં પાણી મુકયું. એટલે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઇ. ઋષિઓ સાધુ વદીયા અને દેવોના દુંદુભિ વાગ્યાં. તેજ વેળાએ લક્ષ્મણને ઉર્મિળા, ભરતને માંડવી અ શત્રુઘ્નને શ્રુતકીર્તિ પરણાવી. આ સમયે ચોતરફ ગીતવાદિત્રાદિના નાદ સંભળાય છે. અપસરાઓ નાચે છે, અને ગાંધર્વો મધુર સ્વરે ગાય છે. એવી રીતે કેટલીક વાર સુધી સમારંભ ચાલ્યા પછી વરકન્યા જાનૈયાઓ અને ઋષિમંડળ જાની વાસે ગયાં.

એ પછી કેટલાક દિવસ પરોણા રહીને સૌ સૌને ઠેકાણે વિદાયે થવા લાગ્યા. તેમાં પહેલાં તો વિશ્વામિત્ર હિમાલય ભણી તપ કરવા. એટલે દશરથ રાજા પોતાને નગર જવાની જનક પાસે આજ્ઞા માગવા લાગ્યા. તે વખત જનક રાજાએ પહેરામણી કરવા માંડી. તેમાં એક લાખ ગાયો, મુખ્ય માણસોને ઊંચી શાલો, રેશમી લુગડાં, ઘરેણાં શણગારેલા હાથી, ઘોડા, રથ, દાસ દાસીઓ, સોનું, રૂપું, મોતી, ઇત્યાદિ પ્રસન્ન મને આપ્યું. ને જાન અયોધ્યાભણી ચાલવા માંડી. રસ્તામાં પરશુરામ વગેરેનું ભય નિવારણ કરી કેટલાક દિવસે સ્વપુરમાં આવી પહોંચ્યા અયોધ્યામાં રાજાની પધરામણી થવાની ખબર છતાં સુશોભિત ધ્વજા અને પતાકા

ઊડી રહ્યાં. નોબતો વાગવા માંડી. મોટા રસ્તા ઉપર પાણી-ના છટકાવ થયા. તેપર ફુલો વેર્યાં. તમામ પુરવાસીઓ અ-લંકાર પહેરી હાથમાં વધાઇઓ લઇને ઘણે દૂરસુધી સામા ગયા. અને શ્રીમાન્ દશરથરાજા પુત્રોસહિત રાજ મેહેલમાં દાખલ થયા. એટલે કૌશલ્યા સુમિત્રા અને કૈકેયી વગેરે રાણી-ઓ નવીવહુઓને લેવાને આવી. તેમને પગે લાગીને સીતા વગેરે વહુઓ અંતઃપુરમાં પેઠી થોડોક વિસામો ખા.ઇ વસ્ત્ર બદલીને દેવપૂજા કરી આવીને ઘરમાંના ઘરડાંઓને પગે લાગી. પછી પોતાના ધણીઓ સાથે આનંદમાં દિવસો ગુજા-રવા લાગી.

એવી રીતે આનંદમાં દિવસ કહાડતાં બીચારી સીતાને સંતાપના દહાડા આવી પડ્યા. એક દહાડો અયોધ્યાવાસી મહાજને ભેગા થઇને દશરથ રાજાને વિનંતિ કરી કે હવે આપ યુવરાજની પ્રતિષ્ઠા કરો કે રાજકાજમાં ઘડપણના દ હાડામાં સહાય કરે, મહારાજની હૈયાતીમાં રાજકાજનો અનુભવ મેળવે અને આખરે ગાદીના વારસા બાબત ટંટો ન થાય. એ અરજ ઉપર વિચાર કરીને રામને રાજ્યાભિષેક કરવાનો નિશ્ચય કર્યો. બીજે સવારે અભિષેક કરવાનો છે એવું જાણી દશરથની વહાલી રાણી કૈકેયીએ પોતાની દાસી મંથરાની શીખવણીથી ભંભેરાઇ આગળ રાજાએ આપેલાં વચનો પાળવાની આ વેળાએ માગણી કરી, કે મારા પુત્ર ભરતને રાજ આપીને, રામને વનવાસ કહાડો. એ બાબત દશરથે ઘણીએ સમજાવવા માંડી પણ સમજી નહિ તેથી રાજાએ તે વાત કબુલ કરી. રામચંદ્રજીની સગી માતા કૌશલ્યા વગેરેને ઘણો ખેદ થયો. લક્ષ્મણનો મીજાજ ગયો અને પિતાની આજ્ઞા ઉલ્લંઘન કરવાની ભલામણ કરી. આ-ખા શેહેરમાં ત્રાહે ત્રાહે વર્તી રહ્યો. પરંતુ રામનું ચિત્ત

જરાએ ડગ્યું નહિ અને પિતાનું વચન ભંગ ન થાય માટે વનવાસ જવાની તૈયારી કરવાનું નક્કી કરી પોતાની પ્રિય સ્ત્રી સીતાની છેલ્લી મુલાકાત લેવાને અંતઃપુરમાં ગયા.

સંસારમાં પુરૂષનું સુખદુઃખ ઘણું કરીને સ્ત્રી ઊપર આધાર રાખેછે. જો એકાદી કજાત સ્ત્રીથી સંબંધ બંધાયો તો, પુરૂષ મોટો ચતુર અને રાજાજેવો વૈભવી હોય તો પણ તે કાયરકાયર થાય છે. તો પછી કોઇ ગરીબ એવી હાલત-માં આવી પડે તો તેના દુઃખનો તો પારજ શો? તે બલા તેના દુઃખનું મુખ્યકારણ થઇ પડે છે. અને તેથી આખરે તેને આખા સંસાર ઊપર કંટાળો આવે છે. પણ તેજ જો સુંદર સરળ સ્વભાવની અને સદ્ગુણી મળે તો તે પોતાના પતિના દુઃખમાં ભાગીયણ થઇ ધણીનું દુઃખ ઓછું કરે છે. તેની સુજનતાથી તેનો શોક અને ઉદાસી દૂર થાય છે. તે તે પ્રિય, મોહક અને મધુર ભાષણથી તેનું મન સદાચાર ભણી વળે છે. અને પોતાના સુસ્વભાવવડે તેના ત્રણે તાપ સમાવી નાંખે છે. તથા તેની પાસે હોય છે ત્યારે તેને સર્વાંગે હર્ષ હર્ષ વ્યાપિ રહે છે અને તેના સ્મિત લલિત મુખદર્શનથી મનની સર્વ ચિંતા દૂર થઇ પુરૂષ એમ સમજે છે કે મને આનંદ આપવાસારૂજ પરમેશ્વરે મારે માટે એને ઉત્પન્ન કરીછે.

તો સીતા જેવી ઉત્તમોત્તમ સ્ત્રીથી જુદા પડવાની વિદાય માગતાં રામને પોતાની છાતી કેટલી કઠણ કરવી પડી હશે તેનો ખ્યાલ તો માત્ર વાંચનારાઓએજ પોતાના મનને વિષે આણવો. મોઢા ઊપર ઉદાસી પથરાયલે ચેહેરે અંતઃપુરમાં દાખલ થઇ બનેલી હકીકતથી વાકેફ કરીને રામ બોલ્યા, “હે પ્રિયા, હવે મને રજા મળવી જોઇએ.” એ વાક્ય સાંભળતાંજ જેમ કોઇ કુહાડાના ઘાથી કેળને કાપી નાંખે તે પ્રમાણે સીતા અચેત થઇ ભોંયપર પડી. અને થોડીવારે

જીવ શુદ્ધિમાં આવ્યો ત્યારે બોલી, " હે સ્વામીનાથ, શું મને એકલી નાખીને જવાનું કહો છો? ત્યારે રામ બોલ્યા, " અરે પ્રિયા તમને સાથે રાખવાને બને એવું નથી; માટે તમારી મરજીમાં આવે તો અહીં રહેજો કે પિયેર જજો કેમકે વસ્તીમાં રહેવાનું નથી, સાથે ગાડી ઘોડા કે દાસ દાસીઓ નથી, અન્નસામગ્રી પણ રખાશે નહિં, વળી જંગલમાં ઘર નથી મળવાનું, સુવાને પથારી કે ખાટલો પણ નહિ મળે અને તમે સુકુમાર રાજકન્યા એટલે એ દુ:ખ કેમ ખમી શકશો? વળી એની સાથે ચૈત્ર વૈશાખનો તાપ અને લુના ભડકા; અખાડના વરસાદની હેલી, ગડગડાટ, વીજળીના ચમકારા વળી મોટા મોટા પર્વતો અને કોતરો, ગીચ ઝાડી, વાઘ, સિંહ, રીંછ, વરૂ અને શિયાળ વગેરે જંગલી પશુઓના ભયંકર અવાજો, જે સાંભળતાં મોટા વીરો પણ હબકી જાય, ત્યાં તમારા જેવી કોમળ સ્ત્રીઓનું શું ગજું? તેની સાથે ત્યાંના ઘાતકી રાક્ષસોથી શરીરનું રક્ષણ કરવું ઘણું કઠણ છે, માટે હું ધારૂં છું કે તમે પરણીને આવ્યા પછી મુદ્દલ પિયેર ગયાં નથી તેથી ત્યાં જશો તો હું તેમજ તમારા માત પિતા બધાંને ખુશી થશે. અને થોડા દિવસમાં મુદત પૂરી થએ આવીને તમને તત્કાળ તેડાવી લઇશ " એ સાંભળીને સીતા ઊંડો નિશ્વાસ નાંખીને બોલી, હે સ્વામીનાથ! આપ જુદાં પડવાની વાત કહો છો એ મારાથી ખમાતું નથી. તમે જ્ઞાતા છો એટલે વધારે શું કહું? જો મને સાથે રાખવાથી આપને દુ:ખ થશે એમ જાણતા હો તો મારો અંત આણીને જજો એટલે હું સર્વ દુ:ખથી વિરામ પામીશ. કેમકે ધણી વિનાની એકલી સ્ત્રી ઊપર ઘણીક આફતો અને આમો આવે છે. તમો સાથે આપવિના જે ઝુરણું લાગે તે તો જુદું જ આપની દાસી ઉપલી વિનતિ કરે છે પણ જો સાથે

રાખશો તો જે આપની વલે તે મારી વલે. તેમાં આપની સેવા મળશે ત્યાં પછી શી કમી? ઝુંપડી તે મેહેલ, જંગલ તેજ બાગ બગીચા, અને કંદમૂળ ભાજીપાલો એજ ઉત્તમ પકવાન લાગશે. તેમજ આપના વિના અત્રેના મેહેલો તે પરેત, વસ્તી એ ભયંકર સ્મશાન જેવાં લાગશે. મતલબ કે આપની સાથે જેજે વસ્તુ આનંદ પમાડે છે તેજ વસ્તુઓ આપની ગેરહાજરીમાં દુઃખદાયક થશે માટે સાથે તેડી જાઓ, કે મારી જીંદગીનો છેડો આવ્યા પછી જાઓ. જો એમના એમ જશો તો પાછા મળવાની આશા સમજશો મા, એ આખરનાં વચન સાંભળી સીતાને સાથે આવવાની આજ્ઞા કરી. બહાર નીકળ્યા એટલે લક્ષ્મણ જે તેમને મળવા સારૂ તલસ્યા કરતો હતો તેણે પગે પડીને વીનંતી કરીકે હું પણ આપની સાથે આવું છું. રામે વિચાર્યું કે સ્ત્રી સાથે છે અને વનવાસમાં ઘણુંએક સંકટ પડવાનો સંભવ છે. તો 'એકથી ભલા બે' ગણીને તેને પણ તૈયાર કરીને ત્રણે જણાં સાથે દશરથની છેલ્લી આજ્ઞા લેવા ગયા. વશિષ્ટ ગુરૂ દશરથ પાસે બેઠેલા હતા. ત્રણે જણાં પગે પડયાં ને રામે રજા માગી એટલે કૈકયીએ ત્રણેના હાથમાં વલ્કલ[1] મુક્યાં. એ જોઇને સીતા વિમાસવા લાગી કે આ છાલનાં ખડખચડાં લૂગડાં શી રીતે પહેરાશે. તેની આંખમાં ઝળઝળીઆં ભરાઇ આવ્યાં. તે જોઇને દશરથ અને વશિષ્ઠ બંનેનો મીજાજ તપી ગયો. ને દશરથ બોલ્યો હે કુભારજા, આ શો જુલમ માંડયો છે. રામે તો જાણે મારા વચનથી વનવાસ પામ્યો છે પણ સીતા તથા લક્ષ્મણે શો ગુન્હો કીધો છે, કે તેને તું વલ્કલ આ-પવા બેઠી. એ તો એમની ખુશીથી જાય છે તેને વલ્કલ કેમ અપાય? એ પછી કૈકેયી ઉપર પોતાનો ધિઃકાર જણાવીને

---

૧ ઝાડની છાલો વગેરેનાં વસ્ત્ર.

વશિષ્ટઋષિ બોલ્યા, હે પાપીણિ, તારા રાજમાં તારો ભરત સુદ્ધાં પણ રહેશે નહિ. પછી આ ઊજડ ગામમાં એરંડાની પેઠે તું એકલી મહાલ્યાં કરીશ શું? અયોધ્યાથી નીકળીને એ રીતે રામ, સીતા તથા લક્ષ્મણ ત્રણે જણાએ દક્ષિણ બણી ચાલવા માંડયું. રસ્તામાં અસંખ્ય વહેલી નદીઓ, નિર્મળ સરોવર, લીલા ઘાસથી શણગારાયલા પર્વતો જોતાં અને ઓળંગતાં ચિત્રકૂટ પર્વત ઊપર મુકામ કરે છે. પણ ત્યાં રાક્ષસોની પીડા વધારે થાય ત્યારે ત્યાંના રહેવાસીઓ તે આશ્રમ છોડી જાય છે તેમની જોડે રામે પણ તે સ્થાન છોડીને પંચવટીમાં મુકામ કર્યો.

એ જગ્યા સહ્યાદ્રી પર્વતને લગતી હોવાથી ઘણી ઊંચી નીચી છે. પશ્ચિમતરફ એ પર્વત આવેલો છે તથા પૂર્વ તરફ એક સપાટ મેદાન સોંસરૂં જાય છે. તે મેદાનમાં કસબાઓ છે. તેમાં ઘણી ઝાડી નથી. એ મેદાનની વચ્ચે ચાંદવડનો ડુંગર હોવાથી તેના બે વિભાગ થયા છે. તેમાંના ઉત્તર ભાગમાંથી ગીરણા અને દક્ષિણભાગમાંથી પવિત્ર ગોદાવરી નદી વહે છે. તેના મુખ આગળ ખાસ ત્રિંબકેશ્વરનું દેહરૂં છે. ડુંગરની તળેટી અને ગોદાવરીના નિર્મળ પ્રવાહની પાસે પાંચ વડના ઝાડની ઘટાથી ઘેરાયલી એક સુંદર જગા જોઇ ત્યાં વસવાનો નિશ્ચય કર્યો અને એક આશ્રમ બાંધ્યો. આહાહા !! તે રમણીય સ્થળનું રામાયણમાં જે વર્ણન છે તે કંઇ અલૌકીકજ કહીએ તો ચાલે. તે પર્ણકુટીની ભોંય વાળી ઝાડીને એવી તો સ્વચ્છ કરી હતી કે તેમાં અસ્વચ્છ કે અમંગળ પદાર્થનું તો નામજ નહિ. માહે એક બાજુએ દર્ભ. દુર્વા, તુલસી અને બરસ ગોઠવેલાં હતાં. તેના ઊપર વસંતઋતુ સ્વેચ્છ ક્રીડા કરતી હોય એવો ભાસ થતો હતો. મઠની સન્મુખ ગોદાવરી નદીનો સ્ફાટિક જેવો સ્વચ્છ પોષ સુસવાટાબંધ વહેતો હતો. ઉગતા સૂર્યનાં કીરણો મઠદ્વારમાં પ્રવેશ કરીને સોનેરી રંગનો આભાસ આરતાં હતાં. એક

બાજુએ નાળીએરનાં કાચલાના સુંદર ઝળકતા પ્યાલા પડી રહ્યા હતા. અને દ્વારની સામે ભિંતમાં ચોંટાડેલી હરણનાં સિંગડાની ખીંટી ઉપર બંને સૂરા ભાઇઓનાં ધનુષ લટકાવલાં હતાં તેની બાજુ ઉપરની ખીંટીઓમાં કોઇ ઉપર અંગવસ્ત્ર, તો કોઇ ઉપર વલ્કલની કફનીઓ કરીને ગોઠવી રાખી હતી. એ સુંદર ઝુંપડીમાં રામચંદ્ર, સીતા અને આજ્ઞાંકીત બંધુ લક્ષ્મણ આનંદ અને ઉદ્યોગમાં પોતાના દિવસ નિર્ગમન કરતાં હતાં. એ આશ્રમની ચોમેર મોટી વાડી બનાવેલી હતી. તે સમચોરસ ચાળીસ વિઘાંની હતી. તેના કેટલાક ભાગમાં ત્રણે જણે મળી એક નહાની નેહેર ખોદીને ગોદાવરીનું સ્વચ્છ પાણી તેમાં વાળ્યું હતું. તેની એક બાજુપર જામફળ, સીતાફળ, અંજીર, આંબા, બોરડી ઇત્યાદિ ફળોનાં વૃક્ષ રોપેલાં હતાં; બીજી બાજુએ સકરીઆં, રતાળું, વગેરે ભાજીપાલો; ત્રીજી બાજુએ ગુલાબ, ચંબેલી, જુઇ, પારીજાતિક વગેરે ફુલો વાવેલાં હતાં. આ ફુલ વૃક્ષો સર્વે પશ્ચિમ અને દક્ષિણ બાજુપર હતાં. તેથી હંમેશા શીતળ અને સુગંધમય વાયુ મગજને ઠંડક આપતો હતો. એ આશ્રમમાં કોઇકવાર ધર્મધુરંધર રઘુનંદન, સીતા અને લક્ષ્મણને ધર્મોપદેશ કરતા, કોઇવાર સંસારોપયોગી બાબતો સંભળાવતા હતા.

એમ કોઇવાર સ્વામીના વચનામૃત પાનથી, તો કોઇવાર દીયર સાથે વાક્ ચાતુરીથી, કોઇવાર ગીતરાગથી, તો કોઇવાર વાઘ બકરીની રમતથી સીતા આનંદમાં દિવસ કહાડે છે.

એક દિવસ આશ્રમમાં વાઘ બકરીની રમત ચાલી રહી છે એટલામાં બે મુખનો સોનેરી રંગવાળો ચમત્કારિક મૃગ નાસતો સીતાની નજરે પડયો. તેની ચામડીની કાંચળી કરાવવા સારૂ સીતાનું મન લલચાયું. તેથી બોલી, હે સ્વામીનાથ આપણે અયોધ્યા જતી વેળા અત્રેથી નવાઇનાં આ મૃગચર્મની ચોળી લઇ જઇશું માટે તેને મારી આણો !

રામ—પણ દૂર તે ઊભેલો છે ખરો, પણ મને તો એ કપટ રૂપ ભાસે છે માટે હું તો મારવા જતો નથી. કદાચ એ ખરેખરો હોય તોપણ શું થયું? એક શોભાની ખાતર એ બીચારાનો જીવ લેવો એ તમારા જેવાં જ્ઞાનીને શોભે નહિ.

સીતા—તો આટલું જ્ઞાન અને દયા રાખનાર ધણીને સુબાહુ તથા તાડીકાની હત્યા અને સૂર્પણખા જેવી રૂપાળી સ્ત્રીને કદરૂપી શામાટે કરવી પડી? શીકાર તો ક્ષત્રીનો ધર્મ છે. વળી આ ઠેકાણે આપણને આવ્યાને લગભગ બાર વર્ષ થવા આવ્યા. તેટલા વખતમાં મેં આપની પાસે કશું પણ માગ્યું નથી. સ્ત્રી જાતનું મન નવી નવી વસ્તુ ભણી વધારે ખેંચાય છે તે આપ જાણો છો. અયોધ્યામાં મારી સખીઓને એ નવાઇ દેખાડતી વેળાએ મને કેવો આનંદ થશે? પછી તો આપ જ્ઞાતા છો.

આમ બોલતાં બોલતાં સીતા મગળી ગઇ. તેથી રામ ઉઠીને ધનુષ્ લઇ મૃગની પાછળ દોડ્યા. જતાં જતાં લક્ષ્મણને કહેતા ગયા કે સીતાને જોજે. એ સાંભળીને લક્ષ્મણ આશ્રમ આગળ આવી બેઠો. અને રામે દૂર જઇ મૃગને બાણ માર્યું. એટલે તેણે તાડ જેવો થઇ, રામના જેવો ધાંટો કહાડી મોટેથી "ઓ લક્ષ્મણ! અરે સીતા! મને બચાવો! એમ બોલી દેહ મુક્યો. પછી તેનું ચામડું કહાડી લઇ રામચંદ્ર પોતાને આશ્રમ આવવા લાગ્યા.

આણીમેર પર્ણકુટીમાં બેઠેલી સીતાએ રામના જેવો સ્વર સાંભળી લક્ષ્મણને કહ્યું, દીયેરજી રામ મહાસંકટમાં હોય એમ ભાસે છે માટે તમે એમની મદદે જાઓ. એ સાંભળી લક્ષ્મણ બોલ્યો કે, મોટાભાઇને જીતવાને ત્રણ લોકમાં કોઇ સમર્થ નથી. તમે અમથા ગભરાશો નહિ. એ હમણા મૃગચર્મ લઇને ક્ષેમકુશળ આવી પહોંચશે. આ વચનથી સીતાને ધીરજ આવવી જોઇએ. પણ તેમ ન થતાં ઊલટો અર્થ લઇ બોલી, "તમે કદાચ એમ ધારતા હશો કે મોટા

આપનો વિનાશ થાય તો સીતાને હું મારી સ્ત્રી કરી લેઉં પણ યાદ રાખવું કે તેમના કાળ પછી એક ક્ષણભર પણ આ દેહ ટકવાનો નથી. જો મારી ધારણા ખોટી હોય તો તમે એમનો શબ્દ સાંભળતાંજ મદદ કરવા દોડત પણ શેનું દોડાય? સ્ત્રી લોભ મોટો છે. આ વચનથી લક્ષ્મણને ઝટકો લાગ્યો અને ધનુષ્ લઈ રામને શોધવા નીકળી પડયો.

અગાઉથી ગોઠવી રાખેલું કાવતરૂં પાર પાડવાનો લાગ જોઇ રાવણ, બ્રહ્મચારીનો વેશ લઈ સીતાના આશ્રમ આગળ આવી 'ભિક્ષાન્નં દેહિ' કહી આંગણામાં ઉભો. કેટલીક પડપુછ કરાને ભિક્ષા આપવામાટે સીતા જેવી બહાર આવી કે તરત તેનું પાંગોઠું પકડી ઊંચકી લઇ પોતાના પુષ્પક નામના વિમાનમાં બેસીને લંકાનો રસ્તો લીધો. આશ્રમમાં રહેલા ગીધ જાતિના જટાયુ નામના પક્ષીએ તેને અટકાવવા માંડયો, પરંતુ તેથી તે ન અટકતાં ઉલટો જટાયુનો જીવ ગયો.

આ ઓચિંતી આફતથી સીતા હબકી ગઇ. મણો ટળવળાટ કરવા માંડયો. પછી રૂદન કરતાં એક વિચાર સુઝયો તેથી પોતાના શરીરપર જે ઘરેણાં હતાં તેમાંથી એક પછી એક રસ્તામાં નાંખતી ગઇ, એવા વિચારથી કે રામ લક્ષ્મણ મને શોધવા નીકળશે ત્યારે હું કઇ દિશાતરફ ગઇ છું તેની એમને આ દાગીનાથી નિશાની મળશે. એ નાંખેલા આભૂષણમાંનું એક પંપા સરોવરને પડખે આવેલા ઋષ્યમુખપર્વત ઉપર બેઠેલી વાનર મંડળીને મળ્યું તે તેઓએ સંઘરી રાખ્યું.

રાવણે સીતાને લંકામાં આણીને પોતાના મહેલના એકાંત ભાગમાં રાખી. અને કેટલીક દાસીઓને હુકમ કીધો કે એને જે જોઇએ તે તમારે પુરૂં પાડવું. પરંતુ મારાવિના બીજા કોઇ પણ પુરૂષને એની પાસે જવા દેવો નહિ. એટલે આપો આપ મારો સ્વીકાર કરશે. એ હુકમ પછી બે દિવસે રાવણ આવીને સીતાને સમજાવવા લાગ્યો હું તને મારી પટ-

રાણી બનાવું. આ કુબેરની લંકાની તું માલીક થશે. આ મેહેલ, આ વૈભવ અને મારૂં અતુલ બલ તો તેં દીઠું હશે. આની આગળ તારી વનવાસની મરૂઢીની તે શી વિસાત ! માટે મારો સ્વીકાર કર. આ વખતે સીતાએ તો એવું મૌન ધારણ કર્યું કે પથર બોલે તો તે બોલે. આખરે કંટાળીને રાવણે દાસીઓને એવો હુકમ કર્યો કે, એને લઇ જઇને આપણી અશોક વાડીમાં રાખો, અને એની પાસે રહી એ મારે વશ થાય એવા ઉપાયો યોજતાં રહેજો. પરંતુ સંભાળજો કે એ ત્યાંથી જતી ન રહે, તેમ બીજું કોઇ ત્યાં જઇ શકે નહિ.

હવે મૃગચર્મ લઇને રામ લક્ષ્મણ પર્ણકુટીમાં આવી જુએછે તો ત્યાં સીતાને દીઠી નહિ. તેથી ઘણા શોકાતુર થયા અને એની શોધમાં ભટકતા કેટલીક મુદતે પેલા પાંચ વાનરોએ સંઘરી રાખેલા ઘરેણાની નિશાનીથી સમજ્યા કે રાવણ સીતાને લઇ ગયો છે. તેની શોધ આણવાનું બીડું હનુમાને ઝડપ્યું. તે તપાસ કરતો કરતો લંકામાં આવી પહોંચ્યો. ત્યાં અશોક વનમાં આઠ રાક્ષસીઓની વચ્ચે વાઘથી ઘેરાયલી હરણીની માફક સીતા એક આસોપાલવના વૃક્ષ નીચે રામનું ચિન્તવન કરતી બેઠી હતી. તેને જોઇ એટલે રામના સ્વરૂપરથી હનુમાને અનુમાન કર્યું કે આ સીતાછે. તેને વળી રામે પોતાની વીટી નિશાનીસારૂ આપી હતી કે તે જોઇને આ નવા માણસે કહેલી વાતપર વિશ્વાસ આવે. તે વીટી સાથે જે ઝાડ તળે સીતા બેઠી હતી તે ઉપર ચઢીને બેઠો.

એટલામાં રાવણ કેટલીક દાસીઓ સાથે લઇને સીતા પાસે આવ્યો તેથી સીતા થરથર કંપવા લાગી. રાવણે તેને મીઠાં વચનથી સમજાવવા માંડી. તે બોલ્યો, સુંદરી તું શા માટે કષ્ટ વેઠે છે તથા રૂદન કરે છે? મારાથી તું ડરીશ નહિ. હું તારો સેવક છું. અહીં કોઇથી અવાવાનું નથી માટે હવે પેલા જોગટાઓને મળવાની આશા મુકીને મારી સાથે

હસીને બોલ. આ વસ્ત્રાલંકાર સજ. મારી પાસે બેસી આ મધનું પાન કરીને સુખી થઇ આનંદમાં દિવસ નિર્ગમન કર. તું જે આજ્ઞા કરીશ તે હું તન મનથી પાળીશ. તેનો ઉત્તર સીતાએ એવો આપ્યો કે, લંકાપતિ તારી કીર્તિને તું પરસ્ત્રી પર કુદૃષ્ટિ કરીને ઝાંખ ન લગાડ. મારી તને એટલીજ વિનતિ છે કે કૃપા કરીને મને મારા સ્વામીને સોંપ કે હું તારો ઉપકાર જન્મસુધી ભુલીશ નહિ. કેમકે હું મરતા સુધી પણ મારૂં શીલ છોડનાર નથી. આ શબ્દોથી ચીડવાઇને દાસીઓને આજ્ઞા આપી કે બે માસની મુદતમાં એ જો સમજીને મારો સ્વીકાર કરવા કબુલ થાય તો ઠીક, નહિ તો એનું માથું કાપીને એનું માંસ મારા ભોજન સારૂ આણજો. આ ધમકીથી પણ સીતા ડગી નહિ. અને રોજને રોજ ક્લેશ થાય તે કરતાં તો મરવું સારૂં એમ વિચારી વનમાંથી લાકડાં ભેગાં કરી તેમાં અગ્નિ મુકવાસારૂ આમ તેમ ફરીને ફાફાં મારી ઇશ્વરસ્તવન કરતી કહે હે દીનદયાળ, મારા ઉપર આ શો ગજબ? મેં મૈયરમાં માબાપ, સાસરામાં સાસુ સસરા કે અતિથિ અભ્યાગત કોઇને દુઃખ દીધું નથી. માત્ર મારા સ્વામીની મરજી ઉપરાંત મેં હરણ મારવાનો આગ્રહ કર્યો એજ મારો અપરાધ થયો. તો તેને માટે મેં ઘણું દુઃખ ભોગવ્યું. આ આફતો વેઠવા કરતાં તો આ નાશવંત દેહનો ત્યાગ કરીને તારે શરણ રહેવું સારૂં છે. હવે મારાથી આ પીડા રોજ સહેવાતી નથી, માટે હે અખિલેશ્વર! તું મને સહાય થઇને મારા ઉપર એકદમ વિજળી પાડ અથવા તો દુષ્ટ રાવણને બુદ્ધિ આપ કે તે મને મારી નાંખે. કેમકે આપઘાત કરવો એ અધર્મ છે. પછી જો એમ તારી ઇચ્છામાં નજ આવતું હોય અને આપઘાતજ કરાવવો હોય તો આ જગાએ કાષ્ઠ એકઠાં કર્યાં છે, પણ અગ્નિ મારી પાસે નથી તે મને આપ એટલે આ દુઃખમાંથી છુટી તારે શરણે આવું એમ પ્રાર્થના કરે છે એટલામાં ઝાડપરથી મારૂતીએ (હનુમાને)

વીટી નાંખી. તેના અવાજથી બેબાકળી સીતા અંગારો સમ-
જીને તે લેવા જાય છે પણ હાથમાં લઇ જોતાં "શ્રીરામ"
શબ્દ કોરેલી પોતાના પ્રિયપતિની મુદ્રિકા જોઇને અજાયબીમાં
પડી અને વિમાસવા લાગી કે આ વીટી અહીં શી રીતે આ
વી, શું રામે મારા ઉપરથી પ્રેમ ઉતાર્યો કે તેમનો આ
દુષ્ટોએ નાશ કીધો ? એ કેમ થયું હશે. એમ વિમાસણમાં
છેક પાછલી રાત થઇ છે. ચોકી કરનાર સર્વ દાસ દાસીઓ
મીઠી નિદ્રામાં ઘસઘસાટ ઉંઘે છે. માત્ર સીતાજ પોતાના
મનની વ્યથાને લીધે ટળવળ્યા કરે છે. એવામાં આસો પાલવ
ઉપરથી હનુમાને રામચરિત્ર ગાવા માંડયું. તે સાંભાળીને સી-
તા વધારે તાજુબીમાં પડી. અને નક્કી કીધું કે આ સર્વ રા-
ક્ષસી કૃત્ય છે. માટે હવે મારે કોઇપણ તરેહથી દેહત્યાગીને
આ કપટી દુનિયાંથી જુદા પડવું. પાસે અગ્નિ મળે નહિ
તેથીતેહવે કંઠપાશ કરૂં, એમ ધારી પોતાનો ચોટલો છોડી
જેવો ગળામાં ફાંસો ઘાલે છે તેવોજ હનુમાન હેઠે ઉતરી
પગે પડીને બોલ્યો, હે માતુશ્રી, રામ લક્ષ્મણ બને ભાઇઓ
ક્ષેમકુશળ છે. તે કીષ્કિંધામાં રહ્યા છે અને તમારી તપાસ
લેવાનેસારૂ મને મોકલ્યો છે. હું જઇને સમાચાર કહીશ એટ-
લે થોડા દિવસમાં મોટી સેનાસહિત અહીં પધારી રાવણનો
સહકુટુંબ નાશ કરીને તમને તેડીને અયોધ્યા જશે. હનુમાન-
ના આ વચનામૃતથી જેમ સુકાયલા કણસલાને જીવ આવે
તેમ સીતાને ધીરજ આવી અને રામની ખબર અંતર પુછી.
અને જતી વેળાએ હનુમાનને પોતાના માથાનો મણીનો ચાક
ચોટલામાંથી કહાડી આપીને કહ્યું કે આ મારી નિશાની
રઘુપતિને આપજો. જેથી તમે મને મળ્યાની તેમને ખાત્રી થશે.

એ પછી રામે લંકામાં લશ્કર આણીને પડાવ નાંખ્યો.
યુધ્ધની તૈયારી થવા માંડી. એ અરસામાં પણ રાવણ તર-
ફથી ધમકી અને ફોસલાવણી ચાલવામાં કસર રહી નહિ.

રાવણની આ મંદોદરી મહા પતિવ્રત પાળનારી અને ઘણી ચતુર હતી તેને પોતાના ધણીના આ કૃત્યથી મહા સંતાપ થયો. અને પ્રાર્થના કરી કે મહારાજ રામ ઘણો બળવંત અને સાક્ષાત ઇશ્વરનો અવતાર ગણાય છે, અને તમે નીતિશાસ્ત્ર વિરૂધ્ધ આચરણ કર્યું છે, વાસ્તે તમારો સહકુટુંબ નાશ થશે. માટે આપનું અને અમારૂં સર્વનું રૂડું ચાહતા હો તો રઘુપતિને તેની સીતા પાછી આપીને પગે પડી માફ માગો, જેથી એ મહાદયાળુ પુરૂષ સર્વ અપરાધ માફ કરીને ઊલટું આપને ચીરંજીવીપણું આપશે માટે મારી આટલી વિનતિ સ્વીકારો.

તેના જવાબમાં રાવણે કહ્યું કે, હે સતી, માણસને જ્યારે ત્યારે વેહેલું કે મોડું મરવાનું તો છેજ અને મોત એજ છેલ્લો વિશ્રામ છે, તો તેથી ડરીને કાયરમાં ખપી હું સીતાને પાછી આપવા જાઉં તેના કરતાં રામ સાથે લડીને મારૂં પરાક્રમ દેખાડીને રણમાં પડીશ તો જગતમાં મારી નામના થશે અને લોકો મને કાયર કે બાયલો ન ગણતાં, બહાદુર કહી મારી વાહવાહ કરશે અને એને હાથ મોત થવાથીજ મારા અત્રેનાં પાપ કર્મોથી હું મુક્ત થઇ પરમપદ પામીશ માટે તમે જો મારૂં સારૂં ચહાતાં હો તો સીતાને સમજાવીને મારો સ્વીકાર કરવો કે એટલાથીજ રામનું ચિત્ત ફરી જઇને તે આપોઆપ લડાઇ કર્યા વગર પાછો જશે.

આ વાત મંદોદરીને ગળે ઉતરી તેથી સીતા પાસે આવીને કહેવા લાગી કે, તમે તમારી મરજી ઉપરાંત અત્રે પધારેલાં છો, પણ તેથી અમારી લંકા અમારૂં કુટુંબ અને પ્રજા એ સર્વ આપના દરશનથી પવિત્ર થયાં છે. વળી તમે જ્ઞાની છો માટે મારી વિનતિ ધ્યાન દઇને સાંભળશો: રામચંદ્રજી સાક્ષાત્ ઇશ્વરનો અવતાર છે, અને ઇશ્વર તો સર્વ વ્યાપક છે. પંચમહાભૂતની દેહમાં ઇશ્વરવિના અણુમાત્ર ઠામ ખાલી નથી, તો રામરૂપી દેહમાં જેમ તે છે તેમ રાવ

ણુમાં પણ છે. ત્યારે તમે તેનો સ્વીકાર કરવાને આનાકાની શામાટે બતાવો છો? તેના જવાબમાં સીતાએ કહ્યું કે સોનું માત્ર તો એકજ હોય છે પરંતુ તેના જુદા જુદા અલંકારો બને છે તેમાં જે અલંકાર જ્યાં પહેરવો ઘટે ત્યાંજ તે પહેરાય છે. અને વિપરીત પહેર્યાથી લોકમાં હાંસી થાય છે. રામ એ સત્ય વસ્તુ છે, તેના આગળ દૈત્યબુદ્ધિ કાંઈ કામની નથી. માટે તમારી મિથ્યા ભ્રમણા છોડી દઇ તમારા સ્વામીને કહો કે મને રામ પાસે મુકી આવે, એટલુંજ મારૂં છેલ્લું વેહેલું તમને કહેવું છે. આ વાતથી નિરાશ થઇને મંદોદરીએ રાવણને કહ્યું કે એતો મારી સમજાવી સમજતી નથી. ત્યાર પછી લડાઇઓ ચાલી. તે અરસામાં એકવાર રામ લક્ષ્મણના જેવાં બે માથાં કરાવીને તે લોહીનાં નીગળતાં સીતા પાસે મોકલાવીને કહાવ્યું કે, જો તારા ધણી તથા દીયેરને મારી નાંખ્યા તેનાં આ મસ્તકો. હજુ પણ જો તું મારી મરજીને તાબે નહિ થાય તો તારી પણ એ દશા થશે. આ દેખાવથી સીતા ઘણું રૂદન કરી ટળવળવા લાગી, પણ એટલામાં બિભીષણની સ્ત્રી શર્માએ આવીને એ કપટની વાત ખુલ્લી કરી તેથી તેનો જીવ ટાઢો પડયો.

એજ રીત રામને નિરાશ કરાવવા સારૂ કૃત્રિમ સીતાનું ડોકું બનાવી રામ પાસે મોકલ્યું હતું આ વાતની જ્યારે સીતાને ખબર પડી ત્યારે તેણે રામને કહાવી મોકલ્યું કે, આ પાપીથી મને બળાત્કારે સ્પર્શ તો થવાનોજ નથી, તોપણ જ્યારે આખર સમય આવશે ત્યારે મારી આબરૂ બચાવવા સારૂ હું પ્રાણ ત્યાગ કરીશ: પરંતુ આપ એને શાસન કરવામાં પાછી પાની કહાડશો નહિ. આથી રામનું મન પ્રફુલ્લિત થયું. ઘણીક લડાઇઓ કરી અને રાવણને મારી નાંખ્યો. એટલે બિભીષણે સીતાને રામ પાસે તેડી લાવીને તેને સોંપી પગે લાગ્યો. રામે વિભીષણને લંકા નગરીનું રાજ્ય આપ્યું. અને રાવણના પુષ્પક વિમાનમાં બેસીને પોતાના સ્વદેશ ભણી ચાલવા માંડયું.

રામ લંકામાંથી વિજય પામીને પોતાના નગરમાં આવી

પહોંચ્યા, ત્યાં સગાવહાલાં, પ્રધાનો, સ્નેહીઓ, અને ભાઇ ભાંડુઓને મળી સુખ શાંતિથી રૂડી રીતે રાજ્ય કારભાર કરવા માંડયો.

કેટલાક દિવસ પછી સીતા ગર્ભવંતી થઇ. રાજમેહેલ-માં આનંદ આનંદ થઇ રહ્યો. એવામાં એક દિવસ રામ સરયુ નદીને કાંઠે સ્નાન કરે છે, ત્યાં બીજી તરફ ધોબી ધોતા હતો એટલામાં તેનો જમાઇ આવી પોતાની સ્ત્રી નાશી ગયાના સમાચાર પોતાના સસરાને કહેવા લાગ્યો ત્યારે ધોબી બો-લ્યો કે તે મારે ઘેર છે તેને તું તેડી જા. જમાઇએ કહ્યું તારી દીકરી ગઇ કાલની મારે ઘેરથી ગઇ છે. તે ગઇ રાત્ર ક્યાં રહી તે હું જાણતો નથી. માટે હું કાંઇ રામના જેવો નથી કે રાખું. મારેતો દુનિયામાં રહેવું છે. લોકમાં મારી અપકી-ર્તિ કરવા માટે હું એને રાખવાનો નથી. એ સસરા જમાઇ વચ્ચે થતી વાત રામના સાંભળવામાં આવી તેથી રામને લગાર માઠું લાગ્યું. અને ઘેર આવ્યા તો એવું બન્યું કે પેલી કૃત્યા કૈકેયી અને બીજી દાસીઓ સીતા પાસે બેસી તેને લંકાના સમાચાર પુછવા લાગી, તેમાં વળી પુછયું કે રાવણ-નું સ્વરૂપ કેવું હતું તે તમે ચિત્રવિદ્યામાં કુશળ છો માટે આલેખી દેખડાવો. ભોળી સીતાએ કહ્યું કે મેં મારી નજરે આખા રાવણને જોયો નથી કેમકે હું નીચેથી ઊંચું કદી જોતી નહોતી પણ તેના પગનો અંગુઠો માત્ર મેં જોયો છે તે ઊપરથી હું તમને ચિત્રી બતવું છું. એમ કહીને કાગળ ઊપર તેનું ચિત્ર પાડયું. તે તેના હાથમાંથી લઇ બીજા ઓરડામાં આવી અને સાના દેખતાં કૈકેયી બોલી કે, જોયું સીતાને રાવણ ઊપર કેવું હેત છે ! એનું મુખ જોયા વિના તો હજુ વહુ ખાતાં નથી ! ! માટે આ તેની છબી ચિતરી રાખી છે. આથી તો રામને આગમાં તેલ હોમાયા જેવું થયું. અને સીતાને કહાડી મુકવાનું ઠરાવી લક્ષ્મણને હુકમ કર્યો કે એને જંગલમાં મેલી આવો. એ હુકમની વિરૂધ્ધ લક્ષ્મણ તથા ભરતે રામને વિનતિ કરીકે આ કામ અઘટિત છે. તેનો જવાબ રામે એવો આપ્યો કે, મારી આજ્ઞા છે કે સીતા

નિર્દોષ છે પણ લોકમાં મારી નિંદા થાય છે તે મારાથી ખમાતી નથી, માટે એમ કર્યાવિના છુટકો નથી.

એ આજ્ઞા પ્રમાણે લક્ષ્મણે રથ તૈયાર કરી સીતાને માંહે બેસાડી ચિત્રકૂટ પર્વત ઉપર વાલ્મીકિ મુનિના આશ્રમથી અગારેક છેટે સીતાને મુકી તે પાછો પોતાને શેહેર આવ્યો.

અહીં આકરા તડકામાં સીતા એકલી બેઠી બેઠી રડેછે. એટલામાં ઋષિના શિષ્યો દર્ભ લેવા આવ્યા તેમની નજર એનાપર પડી, તેમણે સીતાને ધીરજ આપી અને સર્વ વૃતાંત જાણીને પોતાના ગુરૂને કહ્યો. તે ઉપરથી વાલ્મીક મુનિ આવીને સીતાને પોતાને આશ્રમે તેડી ગયા અને પોતાની પત્નીને સોંપી. કેટલેક દહાડે સીતાને બે પુત્ર પ્રસવ્યા. ઋષિએ તેમાંના એકનું નામ લવ અને બીજાનું નામ કુશ પાડયું. તે પાંચેક વર્ષના થયા ત્યારે ધીમે ધીમે જ્ઞાન આપવાને આરંભ કર્યો. આઠમે વર્ષે જનોઇ દીધું. તેમને ધનુર્વિદ્યા શીખવી, તથા ઋષિએ પોતાનું રચેલુ રામાયણ આખું મુખપાઠ કરાવ્યું, સીતા પણ તેને નિત્ય સદુપદેશ આપ્યા કરતી.

મનુષ્ય કોઈ લાગણીથી જોસ્સાનું માર્યું એકાદું કામ ઊતાવળું કરી દે છે, પણ પાછળથી તે સમય વીતી ગએ તે લાગણી શાંત થાય, ત્યારે ખરો વિચાર મનમાં ઉત્પન્ન થઇ કરેલા કામનો પસ્તાવો કરે છે. અને જો તે પાછું સુધરી શકે એમ નજ હોય તો તેને માટે હમેશાં દલગીર રહેવું પડે, અથવા તો મનને વાળવાસારૂ ઉપાયો યોજવા પડે છે.

રામ જ્ઞાની પુરૂષ હતા તેમણે તો માત્ર લોકાપવાદમાંથી છુટવાને સીતાને વનવાસ આપ્યો પરંતુ તેના અંતઃકરણમાંથી સીતાઉપરનો પ્રેમ દુર થયો, ન હતો, માટે નિરંતર દલગીર રહેતા હતા. તે દલગીરી દુર કરવા સારૂ રાજગુરૂ વશિષ્ટાદિ મુનિઓની સલાહ લઇ રામે અશ્વમેધ યજ્ઞ આરંભ્યો. યજ્ઞમાં હોમવાનો ઘોડો શીન
મેલી તેની રક્ષા કરવાન
ફરતો ફરે

બાંધ્યો. એ વેળાએ એ છોકરાઓની ઉમર પંદર સોળ વર્ષની હતી. તેઓ ચોખ્ખી હવા, સાદો ખોરાક, ક્ષત્રીબીજ અને ઋષિ તથા માનાં શિક્ષણથી મહારથી બન્યા હતા. તેમને શત્રુઘ્ને ઘોડો છોડી મુકવા કહ્યું પણ તે ન માનતાં તેની સાથે લડ્યા. તેમાં શત્રુઘ્ન હાર્યો તથા જખમી થયો. એ સમાચારથી રામે લક્ષ્મણને મોકલ્યો, તે પણ હાર્યો. આખરે રામ પોતે આવ્યા અને રીતપ્રમાણે સામસામે લડાઇમાં ઊભા રહ્યા. એમનાં મુખ જોઇને રામને પિતૃપ્રેમ ઉપજ્યો, તેથી પુછ્યું, કે તમે કોણ છો ? તમારા માબાપ કોણ છે ? અહીં શા માટે રહો છો ? એના જવાબમાં છોકરાઓ બોલ્યા, અમારી માનું નામ સીતા છે. બાપને દીઠો નથી અને તેનું નામ જાણતા નથી. આ વાલ્મીકિ ઋષિએ અમને પાળ્યા તથા ભણાવ્યા છે તેને અમે બાપપ્રમાણે માનીએ છીએ અને તમારી સાથે લડવાને તૈયાર છીએ. આ ઉપરથી રામની ખાત્રી થઇ કે ખરેખર એ મારા પુત્રો છે, તોપણ તેનું પરાક્રમ જોવાસારૂ યુદ્ધ આરંભ્યું. તે તે વેળાએ બંને પુત્રોએ એવો તો મારો ચલાવ્યો કે સેના- સહિત રામને મૂર્છા આવી એટલે તેના અલંકાર, વસ્ત્રાદિ નિશાનીઓ લઇ આવીને મા તથા પાળકને કહેવા લાગ્યા કે, આજે એક મોટા જોદ્ધાને હરાવીને આ તેમનાં આભૂષણો અમે લાવ્યા છીએ. તે મૂર્છિત દશામાં પડેલો છે. વળી રામ સાથે થયેલી વાતચીત પણ માતાને કહી. તે ઉપરથી સીતા ચેતી કે આતો મારા પ્રાણપ્રિય સ્વામીનાથ રામના અલંકાર છે, તેથી ખિન્ન થઇએ બીના ઋષિને વિદિત કરી. ઋષિ વહેલા વહેલા સંગ્રામની જગા ભણી ગયા. અને સર્વ સેના- સહિત રામચંદ્રજીને સીતોપચાર કરી શુદ્ધિમાં આણી સર્વ બીના અથેતિ કહીને વિનતિ કરી કે આ તમારી સીતાનો અનુગ્રહ કરો. તેથી માનસહિત તેને તથા સંતાનોને લઇને મોટી અયોધ્યામાં આવ્યા ને સુખે દિવસ નિર્ગમન કર્યા.

જાહેર ખબર.

અકબર બીરબળની વારતા
ભાગ ૧-૨-૩ દરેકની
કીમત ૦-૪-૦
બે જોડીઆ ભાઇની
વાત. ૦-૬-૦
વગર માબાપની સમજુ
દીકરી ૦-૨-૦
કલ્પિત કથા ૦-૨-૦
સતી સીતા. ૦-૨-૦
સાવિત્રી ૦-૧-૦
૩ પઇની ચોપડીઓ.
મૂર્ખ ચોરોનો ફાંસ
નાના બાળક પરસાવકી
માનો જુલમ. આ૦બી
ભુતનો ભાઇ
બાપ દીકરાનો ઝગડો
રાજકન્યાની વારતા.
ખોદે તે પડે.

દશ હજારની અક્કલ
મા બાપનો ખોટો લાડ
નબળો માટી બૈયર પર શુરો
ભાઇના કીધા હૈયે વાગે.
કંજુસ કાનદાસ
જમનાવહુનો કજીઓ.
રૂપાળી રૂપસુંદરી.
આનંદીબાઇ જોશી
સુંદીઘોડી લાલ લગામ.
કડક કન્યાને માણેકલાલ
પરણ્યા.
ઝીલમ માળા
બીજાની શેહરનો કાજી.
કાચા કાનની ખરાબી
ભણ્યા પણ ગણ્યા નહીં.
સાસુ વહુની લડાઇ
આફતી બીજી.
વફાદારીની ખુબી.

ઠેકાણું—જી. કે. રાણે. કુકરગલી

૩ પઇની ચોપડીઓ અરધા આનાની એક ટીકીટ-માં દસ નંગ મોકલવામાં આવશે.